INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૦૬-૦૩-૨૦૨૫**

- **જનનાયક,લોકસભા વિપક્ષના નેતા આદરણીય શ્રી રાહુલ ગાંધીજીનો બે દિવસીય ગુજરાત પ્રવાસ: કોંગ્રેસના કાર્યકર્તા આગેવાનો,નેતાશ્રીઓ સાથે સતત બેઠકોનો દોર**
- **શ્રી રાહુલ ગાંધી કરશે કોંગ્રેસના કાર્યકર્તાઓ સાથે સીધો સંવાદ: કોંગ્રેસના કાર્યકર્તા આગેવાનોમાં અનેરો ઉત્સાહ**

જનનાયક,લોકસભા વિપક્ષના નેતા આદરણીય શ્રી રાહુલ ગાંધીજીની બે દિવસીય ગુજરાત પ્રવાસ કાર્યક્રમની માહિતિ આપતા વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતા શ્રી શૈલેષ પરમારએ જણાવ્યું હતુ કે તારીખ ૭ અને ૮ માર્ચના રોજ લોકસભાના વિપક્ષના નેતા અને રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધી ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે "લોકસભા ગૃહમાં પોતાની ચર્ચા દરમિયાન આવનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમા કોંગ્રેસની સરકાર બનશે તેવો દ્રઢ નિશ્ચય રજૂ કર્યો હતો." આગામી વિધાનસભાને અઢી વર્ષ કરતા વધુ સમય બાકી છે ત્યારે રાહુલ ગાંધી એ ૨૦૨૭ના ચૂંટણી જંગ માટે કોંગ્રેસ કાર્યકરો માર્ગદર્શિત કરશે શ્રી રાહુલ ગાંધી ગુજરાત કોંગ્રેસના પાયાના કાર્યકર્તા- આગેવાનો સાથે સીધો સંવાદ કરશે.તારીખ **૭ માર્ચના** રોજ રાજીવ ગાંધી ભવન ખાતે **સવારે ૧૦:૦૦ કલાકે** શ્રી રાહુલ ગાંધીજી પૂર્વ પ્રદેશ પ્રમુખશ્રીઓ અને પૂર્વ વિપક્ષ નેતાશ્રીઓ,વરિષ્ઠ નેતાશ્રીઓ સાથે મુલાકાત કરશે. ત્યારબાદ **૧૦:૩૦ કલાકે** પોલિટિકલ અફેર્સ કમિટી સાથે બેઠક તેમજ વિવિધ ફ્રન્ટલ અને સેલ-ડિપાર્ટમેન્ટના ચેરમેનશ્રીઓ સાથે સંવાદ કરશે. **બપોરે ૨:૦૦ કલાકે** ગુજરાતના તમામ જિલ્લા-શહેરના પ્રમુખશ્રીઓ સાથે સંગઠન અને કોંગ્રેસની કામગીરી અંગે માર્ગદર્શન આપશે. **બપોરે ૩ કલાકે** તમામ તાલુકા અને નગરપાલિકા પ્રમુખો સાથે મુલાકાત મહત્વનો સંવાદ કરશે. **સાંજે ૫ થી ૭** દરમિયાન સામાજિક સંગઠનો સાથે આમંત્રિતો સાથે ચર્ચા કરશે. સમગ્ર દિવસ દરમિયાન ગુજરાત કોંગ્રેસના કાર્યકર્તા આગેવાનો, નેતાશ્રીઓ સાથે મીટિંગનો દોર ચાલુ રહેશે. **તારીખ ૮ માર્ચના** રોજ રાજપથ ક્લબ પાસે ઝેડએ હોલ ખાતે કોંગ્રેસના કાર્યકર્તાઓ સાથે સંવાદ કરશે. શ્રી રાહુલ ગાંધી સંવાદ થકી તાલુકાથી લઈ જિલ્લા અને શહેર-નગર પાલિકા,પ્રદેશ હોદ્દેદારશ્રીઓ સહિતના કોંગ્રેસ કાર્યકરો સાથે રાજ્ય સરકારની નિષ્ફળતાઓને પ્રજા સમક્ષ કેવી રીતે લઈ જવી, આગામી લોક ચેતના અને લોક સંપર્ક માટેના કાર્યક્રમોની ચર્ચા સાથે રાજ્યના નાગરિકોની હયાત સમસ્યાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરશે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત પત્રકાર પરિષદમાં અમદાવાદ શહેર પ્રમુખશ્રી હિંમતસિંહ પટેલએ જણાવ્યું હતુ કે,ગુજરાત કોંગ્રેસના કાર્યકર્તાઓ દ્વારા એરપોર્ટ ખાતે શ્રી રાહુલ ગાંધીજીનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. શ્રી રાહુલ ગાંધીજીના બે દિવસીય ગુજરાત પ્રવાસથી ગુજરાત કોંગ્રેસના કાર્યકર્તા આગેવાનોમાં અનેરો ઉત્સાહ છે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત પત્રકાર પરિષદમાં મીડીયા ડિપાર્ટમેન્ટ કન્વીનર ડૉ.મનીષ દોશી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કોંગ્રેસપક્ષના નેતાશ્રી શહેજાદખાન પઠાન, પ્રદેશ મહામંત્રી નઈમ મિર્ઝા,કો-કન્વીનર શ્રી હેમાંગ રાવલ, પ્રદેશ પ્રવક્તા હિરેન બેંકર, પાર્થિવરાજસિંહ કઠવાડિયા, પ્રગતિ આહિર, રત્નાબેન વોરા ઉપસ્થિત રહ્યા હતા.

હિરેન બેંકર

(હિરેન બેન્કર)
પ્રવક્તા, ગુજરાત કોંગ્રેસ